દિવ્ય ભાસ્કર

# અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રની કલેક્ટરે મુલાકાત લીધી

ભાસ્કર ન્યૂઝ | વાપી



નવી દિલ્હી સ્થિત ભારતીય કૃષિ અનુસંધાન પરીષદ પુરસ્કૃત અને ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત પારડી તાલુકાના અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રની શનિવારે વલસાડ કલેક્ટર આર.સી. ખરસાણે મુલાકાત લીધી હતી. તેમની સાથે વલસાડ આત્મા પ્રોજેક્ટના પ્રવિણ માડાણી હાજર રહ્યા હતા. કૃષિ કેન્દ્રના નિયામક આર.એફ. ઠાકોર સાથે કલેક્ટરે જીલ્લાના ખેડૂતો માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃતિ અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત કલેક્ટર ખરસાણે જમીન, પાણી ચકાસણી માટેની પ્રયોગશાળા, પ્લાન્ટ હેલ્થ કલીનિક અને કૃષિ મ્યુઝિયમની મુલાકાત લઇ ચર્ચા કરી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલતાઅ મશરૂમ ઉછેર અને તાલીમ કેન્દ્રમાં ખેડૂતો સાથે ચર્ચા કરી હતી. ખેડૂતોને કેન્દ્ર દ્વારા ચાલતી વિવિધ સરકારી યોજનાનો લાભ લઈને આવક કેવી રીતે વધારી શકાય એ માટે ખેડૂતોને અપીલ કરી હતી.